<u>**માનસિક વિકલાંગ અને સી.પી બાળકો ને સમાજમાં જોડવાનો એક પ્રયાસ**</u>

(બારડોલી તા.૧૮-૧૦-૨૦૧૨ )

**બી.બી.એ/બી.કૉમનાં ૫૯ વિધાર્થીઓ અને અધ્યાપકો દ્વારા માનસિક વિકલાંગઅને સી.પી. બાળકો સાથે એક યાદગાર મુલાકાત**

ઉકા તરસાડીયા યુનિવર્સીટીએ બી.વી.પટેલ ઇન્સ્ટીટયુટનાં વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો ની માનસિક વિકલાંગ અને સી.પી બાળકોની શાળા એ બાળકો સાથેની મુલાકાતનો આરંભ ફુગ્ગા, ધમાચકડી,અને ખેચાખેચીથી થયો આ બાળકો અને મુલાકાતીઓં વચ્ચે ઝડપ થી બનેલી બોન્ડિંગે સિધ્ધ કર્યું કે પરસ્પર પ્રેમ કોઈ બોદ્ધિક સ્તરનો ગુલામ નથી, એ તો ફક્ત સાચી લાગણીઓ થી દોરવાય છે.



છુક છુક ગાડી રમાડતા, પીઠ પર ઘોડેસવારી કરાવતા, ફેરફુદડી ફેરવતા, રાસગરબા અને સંગીતની રમઝટ પર ધબડાટી બોલાવતા મુલાકાતી વિધાર્થીઓ અને બાળકો વચ્ચે અનકન્ડીશનલ પ્રેમ નિરખવા લાયક હતો.



તહેવારો અથવા વિશેષ પ્રસંગોએ આ બાળકોને નાસ્તો અને ભોજન નું વિતરણ તો અનેક લોકો કરે છે પરંતુ આ મુલાકાત તેમની સાથે વિતાવેલા ક્વોલિટી ટાઈમનો એક ઉમદા પ્રયાસ હતો. છેલ્લે પાંવભાજી નો નાસ્તો બધાને ખૂબ ભાવ્યો. યુવાન વિદ્યાર્થીઓ એ અનુંભવ્યું કે જો બધાય પોતાનો થોડો સમય આ ડીફરેન્ટલી ચેલ્લંજડ બાળકો ને આપે તો તેઓ પણ સહેલાઈ થી સમાજ સાથે જોડાઈ શકે છે.

બી.વી.પટેલ ઇન્સ્ટીટયુટ માનસિક વિકલાંગ અને સી.પી. બાળકોની શાળા નાં આભારી છે કે એમણે નિવાસી બાળકો સાથે મુલાકાતની પરવાનગી આપી અને એમનાં રોજીદા સમયપત્રકમાં ફેરફાર કર્યો.